## જાહેર નામું

માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
બ્લોક નં.૧૪, ૧લો માળ, સરદાર ભવન,
http: //www.rnbgujarat.org
e-mail : us-ser-rnb@gujarat.gov.in
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૮૭૧
તા. ૧લી માર્ચ, ૨૦૦૮

**ભારતનું સંવિધાન :**
નં. બીસીએસ-૧૧-૨૦૦૪-(૮)-ઈ.૨:

ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, આ અંગેના અગાઉના સઘળા નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલશ્રી, આથી માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૨માં નાયબ કાર્યપાલક ઈજનેર વિદ્યુત (ઈલેકટ્રીકલ)ની જગ્યાની ભરતી વિનિયમિત કરવા નીચે મુજબના નિયમો ઘડે છે. જેમ કે :-

૧. આ નિયમો સામાન્ય ઈજનેરી સેવા, વર્ગ-૨, નાયબ કાર્યપાલક ઈજનેર વિદ્યુત (ઈલેકટ્રીકલ) ભરતી નિયમો, ૨૦૦૮ના ભરતી નિયમો કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ હેઠળની નાયબ કાર્યપાલક ઈજનેર વિદ્યુત (ઈલેકટ્રીકલ)ની જગ્યા પર નિમણૂક :

(ક) (૧) માર્ગ અને મકાન વિભાગ હેઠળના મદદનીશ ઈજનેર (ઈલેકટ્રીકલ) વર્ગ-૨ના સંવર્ગમાં પાંચ વર્ષથી ઓછી નહિ તેટલી અથવા અધિક મદદનીશ ઈજનેર વિદ્યુત (ઈલેકટ્રીકલ) વર્ગ-૩ના સંવર્ગમાં સાત વર્ષથી ઓછી નહિ તેટલી કામીરી કરી હોય, અને

(૨) નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોય, અને

(૩) ગુજરાત મુલકી સેવા સ્પર્ધાત્મક તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ અનુસાર કમ્પ્યુટર જાણકારીમાં યોગ્યતા પરીક્ષા પાસ કરી હોય.

– તેવા ઉમેદવારોમાંથી લાયકાત અને કાર્યક્ષમતા સાબિત થયે તે વ્યકિતને બઢતી આપીને.

પરંતુ જ્યારે નિમણૂક કરનાર સત્તાધિકારીને એમ જણાય કે બઢતી માટે ઉપર્યુકત વાકય ખંડ-(૧)માં મુકરર કરેલ અનુભવ ધરાવતી વ્યકિત મળી શકે તેમ નથી અને તેનાથી ઓછા સમયગાળા માટેનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગ્યા ભરવી જાહેર હિત માટે જરૂરી છે ત્યારે તેના

(ખ) સીધી પસંદગીથી તે પૈકી ગમે તે એક રીતે કરવામાં આવશે.

૩. નિયમ–૨માં જણાવેલ જગ્યા માટે સીધી પસંદગીથી નિમણૂક માટેની યોગ્યતા મેળવવા માટે ઉમેદવાર

(ક) ૪૧ વર્ષથી વધુ વયના હોવા ન જોઈએ.

(ખ) ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય અધિનિયમ અન્વયે સ્થાપેલ અથવા સંલગ્ન હોય તેવી કોઈપણ યુનિવર્સિટીમાંથી અથવા યુનિવર્સિટી અનુદાન આયોગ અધિનિયમ, ૧૯૫૬ની કલમ–૩ અન્વયે કોઈપણ માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી તરીકે માન્ય જાહેર થઈ હોય તેવી સંસ્થામાંથી વિદ્યુત ઈજનેરી (ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગ)ની પ્રથમ વર્ગની પદવી ધરાવતા હોય અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય.

(ગ) નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ વિદ્યુત ઈજનેરી (ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગ)ના વ્યવસાયમાં લગભગ ૧૩ વર્ષથી સંકળાયેલા હોય જેમાંથી પાંચ વર્ષથી ઓછો નહિ તેટલા સમય માટે મકાન, સ્ટ્રીટ લાઈટ અને ટ્રાન્સમીશન માટે વીજળી સ્થાપન અથવા વીજળી વિતરણ અથવા તે અન્વયે ઘડેલ વિદ્યુત (ઈલેકટ્રીસીટી) કાયદાઓ અને નિયમોના સંચાલનમાં જવાબદાર હેસિયતથી કામ કરેલું હોવું જોઈએ.

<u>સ્પષ્ટીકરણ :–</u> 'જવાબદાર હેસિયત' શબ્દનો નિયમના હેતુ માટે સામાન્ય રીતે અર્ધ સરકાર અથવા સંયુકત ક્ષેત્ર અથવા સરકારી ઉપક્રમ અથવા ખાનગીમાં હોદ્દા પર કામનો અનુભવ, જે રાજય સરકાર હેઠળની ઓછામાં ઓછી વર્ગ–૨ની સમકક્ષ જગ્યા તરીકે સરકારમાં ગણાતી હોય.

(ઘ) નિમણૂક વખતે સરકારે વખતોવખત નિયત કર્યા પ્રમાણે કમ્પ્યુટર એપ્લિકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.

(ચ) ગુજરાતી અને / અથવા હિન્દીની પર્યાપ્ત જાણકારી ધરાવતા હોવા જોઈએ.

પરંતુ, ગુજરાત મુલકી સેવાઓ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય ) નિયમો, ૧૯૬૭ની જોગવાઈ મુજબ જે ઉમેદવાર અગાઉથી ગુજરાત સરકારમાં ફરજ બજાવતા હોય તેમની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મૂકી શકાશે.

૪. સીધી પસંદગીથી નિયુકત થયેલ ઉમેદવારને બે વર્ષ માટે અજમાયશ પર રાખવામાં આવશે.

૫. પસંદગી પામેલ ઉમદવારે ખાતાકીય પરીક્ષા અને સરકારે વખતોવખત નકકી કર્યા પ્રમાણેની ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિયુકત થયેલ ઉમેદવારે રાજયપત્રિત અધિકારી (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમ બાદની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક થયેલ ઉમેદવારે સરકારે નિયત કર્યા પ્રમાણે તેવી તાલીમ લેવાની રહેશે અને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. પસંદગી પામેલ ઉમેદવારે સરકારે નિયત કર્યા મુજબના ફોર્મમાં તેટલી રકમના અને તેટલા સમયગાળા માટેની જામીનગીરી અને જામીનખત રજૂ કરવાના રહેશે.

ગુજરાતનના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

સહી
ભાવેશ એરડા
સરકારના ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

નં. બીસીએસ–૧૧–૨૦૦૪–(૮)–ઈ.૨

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
www.rnbgujarat.org
બ્લોક નં.૧૪, ૧લો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯–૨૩૨૫૧૮૭૧
તા. ૧ માર્ચ, ૨૦૦૮

પ્રતિ.

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. મંત્રીશ્રી (મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. મંત્રીશ્રી (પાણી પૂરવઠા અને જળ સંશાધન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. સામાન્ય વહીવટ વિભાગ, ઘી–૨ અને જી–૫ શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
૭. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ (૫ નકલ સાથે પત્ર દ્વારા)
૮. એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.
૯. નિયામક અને મુખ્ય ઈજનેરશ્રી, ઈજનેરી સ્ટાફ ટ્રેનીગ કોલેજ, ગાંધીનગર.
૧૦. નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
૧૧. અધીક્ષક ઈજનેરશ્રી, ઈલેકટ્રીકલ મા. અને મ. વર્તુળ, ગાંધીનગર. — આ નિયમો સંબંધિત

૫. સામાન્ય વહીવટ વિભાગ, જી–૨ અને જી–૫ શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
૭. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ (૫ નકલ સાથે પત્ર દ્વારા)
૮. એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.
૯. નિયામક અને મુખ્ય ઈજનેરશ્રી, ઈજનેરી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર.
૧૦. નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
૧૧. અધિક્ષક ઈજનેરશ્રી, ઈલેક્ટ્રીકલ મા. અને મ. વર્તુળ, ગાંધીનગર. –– આ નિયમો સંબંધિત અધિકારીઓના ધ્યાને લાવવાની વિનંતી સાથે.
૧૨. ઈ, ઈ.૪, જી, એફ, એફ.૧ શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૩. નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂવરઠા અને કલ્પસર વિભાગ, ઈ–શાખા, સચિવાલય, ગાંધીનગર.
૧૪. વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર. –– આ જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રકાશિત કરવા અને તેની ૧૦૦ નકલો આ વિભાગને મોકલવાની વિનંતી સાથે.
૧૫. સીલેકટ ફાઈલ ૨૦૦૮
૧૬. વેબસાઈટ ઈનચાર્જ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર. –– ઉકત જાહેરનામું સમયસર વેબસાઈટ પર મૂકવા સારૂ

સહી
રમેશ પટેલ
સેકશન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ